

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥

Krishi Vigyan Kendra

भाकृअनुप ICAR

# NEWS LETTER

Vol-19
January-2023 To December-2023

## MESSAGE



### પદ્મશ્રી ડૉ ગણપત દાદા

પેટ્રોન-ઇન-ચીફ અને ચેરમેન
ગણપત યુનિવર્સિટી

લોકોમાં જોવા મળતી સ્વાસ્થ્ય સમસ્યાઓને ધ્યાનમાં લેતા મિલેટ્સને આપણા આહારમાં સમાવેશ કરવાની જરૂરિયાત ઊભી થઇ છે, કારણકે મિલેટ્સમાં ગ્લુટેનની માત્રા નહિવત તથા નીચા ગ્લાયસેમિક ઇન્ડેક્ષને કારણે સ્વાસ્થ્યની દ્રસ્ટીએ આગવું મહત્વ ધરાવે છે. મિલેટ્સ પાકોનું ઉત્પાદન વધારવા માટે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અપનાવવી જરૂરી બને છે આ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખૂબ સરસ કામગીરી કરી રહ્યું છે. મને વિશ્વાસ છે કે ખેતી ક્ષેત્રે સંકળાયેલ સમગ્ર જન સમુદાયને ઉપયોગી થશે.



### શ્રી સોમાભાઇ રાયકા

નિયામકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
ગણપત યુનિવર્સિટી

આપણા દેશમાં જોવા જઈએ તો ખેત ઉત્પાદન વધી રહ્યું છે પણ સાથે સાથે આરોગ્ય સબંધિત પ્રશ્નો અને રોગો વધતા જાય છે. કેમકે આપણે અત્યાર સુધી રાસાયણિક દવાઓનો વધુ ઉપયોગ કરવાથી ધરતી માતાને ઘણું નુકશાન પહોચાડ્યું છે હવે જમીન સ્વાસ્થ્ય અને આપણા સ્વાસ્થ્યને સુધારવા માટે પ્રાકૃતિક ખેતી તરફ જવું પડશે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીને અપનાવવામાં આવતી મુશ્કેલીઓ અને પ્રશ્નોનાં નિરાકરણ મેળવવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરી પોતાના જ્ઞાનમા વધારો કરે એવી આશા રાખું છુ.



### ડૉ. મહેન્દ્ર શર્મા

ડાયરેક્ટર જનરલ
ગણપત યુનિવર્સિટી

ભારત સરકારનું વિઝન ભારતને ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનું છે. આ વિઝનમાં આર્થિક વૃદ્ધિ, સામાજિક પ્રગતિ, પર્યાવરણીય સ્થિરતા અને સુશાસન સહિત વિકાસના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે. આ પાસાઓના અમલીકરણમાં દેશના ખેડૂતોની મોટી ભાગીદારી છે, માટે ખેડૂતો પ્રાકૃતિક/વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અપનાવી અને ઓછા ખર્ચમાં વધુ ઉત્પાદન મેળવે અને આત્મનિર્ભર બને તે માટે તમામ ખેડૂતોને નમ્ર વિનંતી છે કે ભારત સરકારનું આ વિઝન પૂર્ણ કરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોનો વધુમાં વધુ લાભ મેળવે.

## SAC Meeting on 11 January 2023 / વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક




The 15th SAC meeting of the Krishi Vigyan Kendra held on 11/01/2023 under the Chairmanship of Padmashri Dr.Ganpatbhai Patel, President of Ganpat University. This meeting was attended 26 members of different departments.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, મહેસાણાની ૧૫મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક ૧૧મી જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ પદ્મશ્રી ડૉ.ગણપતભાઇ પટેલ, પ્રેસિડેન્ટ, ગણપત યુનિવર્સિટીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં જુદા જુદા વિભાગના કુલ ૨૬ સભ્યોએ હાજરી આપી હતી.

## Visits of Dignitaries



**Dr. S. K. Roy**
Director
ICAR, ATARI, Pune
(Date : 24-25 Dec. 2023)



**Dr. Mujarab Hussain**
Directorate of Millets Development
GOI, Jaipur
(Date : 14 Dec. 2023)

# Prakrutik Krishi Sammelan & Exhibition on 9th February, 2023
# પ્રાકૃતિક કૃષિ સંમેલન-વ-કૃષિ પ્રદર્શન



Prakrutik Krishi Sammelan and Krishi Exhibition was jointly organized by ATMA, Mehsana and Krishi Vigyan Kendra, Ganpat University, Kherva on 9th February, 2023. In which Shri Prahaladbhai Parmar, President, District Panchayat, Mehsana; Padmashri Dr.Ganpatbhai Patel, Patron in Chief and Chairman, Ganpat University; Shri Rambhai Patel, Chairman APMC, Mehsana; Shri Haribhai Patel, Executive Chairman, Jilla Panchayat, Mehsana; Shri Dineshbhai Patel, OSD, ATMA, Gandhinagar; Shri F.K. Modh, Joint Director of Horticulture, Mehsana; Shri K.H. Patel, Joint Director of Agriculture, Mehsana; Dr.Maurvi Vasavada, Dean, FAAS, Ganpat University; Shri B.N. Patel, Deputy Director of Agriculture and Project Director, ATMA, Mehsana and Dr.R.A. Patel, Senior Scientist and Head, KVK, were present. In the programme, provided information about Natural farming. Best ATMA farmer award was given in the programme where in 20 farmers were honoured with award. 908 farmers and farm women participated in this programme.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે તારીખ ૯મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પ્રાકૃતિક કૃષિ સંમેલન-વ-કૃષિ પ્રદર્શનનું આયોજન આત્મા, મહેસાણા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ પરમાર; પદ્મશ્રી ડૉ.ગણપતભાઈ પટેલ, પેટ્રોન ઇન ચીફ-અને-ચેરમેન, ગણપત યુનિવર્સિટી; શ્રી રામભાઇ પટેલ, ચેરમેન, એ.પી.એમ.સી., મહેસાણા; શ્રી હરિભાઇ પટેલ, જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન, મહેસાણા; શ્રી દિનેશભાઇ પટેલ, ઓ.એસ.ડી., આત્મા, ગુ.રા. ગાંધીનગર; શ્રી એફ.કે.મોઢ, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, મહેસાણા; શ્રી કે.એચ.પટેલ, સંયુક્ત ખેતી નિયામકશ્રી, મહેસાણા; ડૉ.મૌરવી વસાવડા, ડીનશ્રી, એગ્રી કોલેજ, ગણપત યુનિવર્સિટી; શ્રી બી.એન. પટેલ, નાયબ ખેતી નિયામક અને ડાયરેક્ટર, આત્મા, મહેસાણા અને ડૉ.આર.એ..પટેલ, સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ, કેવિકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ વિષે માહિતી પુરી પાડવામાં આવી અને પ્રાકૃતિક ખેતીના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. જેમાં ૨૦ ખેડૂતોને એવોર્ડ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૯૦૮ ખેડૂત ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.








## Workshop on Suposhit and Shashakt purna on 22nd August 2023 / સુપોષિત અને સશક્ત પૂર્ણા વર્કશોપ

A workshop was jointly organized under the framework of "Suposhit and Shashakt Purna" by ICDS, Mehsana and KVK, Ganpat University, Kherva on 22nd August 2023 at KVK. In which 40 teenage girls got information about using millets in their daily diets, avoiding junk food, using sanitary napkin and also visited kitchen garden unit and Sainik School at Ganpat University, Kherva. In this program girls were given necessary guidance and hemoglobin tested was done.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે ૨૨ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ આઇ.સી.ડી.એસ., મહેસાણા તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ના સંયુક્ત ઉપક્રમે સુપોષિત અને સશક્ત પૂર્ણા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૦ કિશોરીઓએ રોજીંદા ખોરાકમાં મિલેટ્સનો ઉપયોગ, જંક ફુડ ટાળવું, સેનેટરી નેપકીનનો ઉપયોગ વિશે માહિતી મેળવી તેમજ કિચન ગાર્ડન અને યુનિવર્સિટી સ્થિત સૈનિક સ્કૂલની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં કિશોરીઓને જરૂરી માર્ગદર્શન આપી હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી.





## Natural Farming / પ્રાકૃતિક ખેતી

Total 48 awareness programs conducted on Natural farming, in which 2717 farmers and farm women were participated during the period. Total 8 Training program and 16 Frontline demonstration also conducted on natural farming.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી દ્વારા ૨૦૨૩ દરમિયાન પ્રાકૃતિક કૃષિ પર ૪૮ જાગૃતિ કાર્યક્રમ જુદા જુદા ગામોમાં કરવામાં આવેલ જેમાં ૨૭૧૭ ખેડૂત ભાઇ-બહેનો હાજર રહેલ. પ્રાકૃતિક ખેતી ઉપર કુલ ૮ તાલીમ કાર્યક્રમો કરવામાં આવેલ અને પ્રાકૃતિક ખેતીના ૧૬ નિદર્શન ગોઠવવામાં આવ્યા.

## Celebration of International millet year-2023
## આંતરરાષ્ટ્રીય મીલેટ્સ વર્ષ-2023ની ઉજવણી

The United Nations General Assembly in March 2021 declared 2023 as the Year of the Millets. With the aim of increasing the consumption and production of millets, Krishi Vigyan Kendra conducted public awareness, training programs and workshops in Mehsana district and organized a cooking competition by selecting one village each of these three talukas, Satlasana, Vadnagar and Vijapur. The millet recipe was evaluated by Sarpanch, Anganwadi worker and KVK expert. This competition made good, nutritious millet dish, 15 farm women of different villages honoured with certificate and awards. All participants in the competition were given prizes.



યુનાઇટેડ નેશન્સ જનરલ એસસેમ્બલીએ માર્ચ-૨૦૨૧માં ૨૦૨૩ના વર્ષને મીલેટ્સ વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું. મીલેટ્સના વપરાશમાં અને ઉત્પાદનમાં વધારો કરવાનાં ઉદ્દેશથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મહેસાણા જીલ્લામાં તાલીમો, પ્રથમ હરોળના નિદર્શનો, જનજાગૃતિ કર્યક્રમો અને વર્કશોપ કર્યા. તેમજ સતલાસણા, વડનગર અને વિજાપુર આ ત્રણ તાલુકાનાં એક-એક ગામ પસંદ કરીને તેમાં વાનગી સ્પર્ધાનું આયોજન કરેલ હતું. બહેનોએ મીલેટ આધારિત વાનગીઓ બનાવીને સ્પર્ધામાં ભાગ લીધો હતો. વાનગીઓનું મુલ્યાંકન ગામના સરપંચશ્રી, આંગણવાડી કાર્યકર્તા અને કેવીકેના નિષ્ણાતો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સારી, પોષ્ટિક મીલેટ્સની વાનગી બનાવેલ, ૧૫ બહેનોને સર્ટિફિકેટ અને પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બહેનોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા.

## Other Extension Activities / અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ

| Activities | Numbers | Participants |
|---|---|---|
| Farmers visit to KVK farm | 70 | 3057 |
| Film Show/video show | 10 | 402 |
| Method Demonstration | 39 | 1401 |
| OFT/FLD Field visit | 74 | 885 |
| Soil and water sample | 241 | 241 |
| Publication | 24 | - |
| Telephonic guidance | 805 | 805 |
| Kisan Gosthi | 7 | 493 |
| Lecture delivered | 69 | 12402 |
| SMS sent to farmers (Kisan Sarathi) | 18 | 366210 |
| Diagnosis services | 11 | 36 |
| Field days | 34 | 1367 |
| Exposure visit | 3 | 75 |
| Farmers Scientist interaction | 1 | 60 |
| Workshop/Seminar | 4 | 470 |
| Exhibition | 1 | 908 |
| Youtube video (KVK Mehsana) | 22 | - |
| Group meeting | 1 | 26 |

## Workshop on importance and implementation on Bio-gas/બાયોગેસનું મહત્વ અને અમલીકરણ વર્કશોપ

Krishi Vigyan Kendra, Ganpat University jointly organized two workshop with SDAU, S.K. Nagar and DSC, Visnagar with the aim of importance and implementation of bio-gas for rural prosperity. Total 372 farmers were attended from Sundhiya and Chhabaliya villages of Vadnagar Taluka.



ગ્રામ્ય સમૃદ્ધિ હેતુ બાયોગેસનું મહત્વ અને અમલીકરણના વિષય પર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, સ.દા.કૃ.યુ., સ.કૃ.નગર અને ડી.એસ.સી., વિસનગરના સંયુક્ત ઉપક્રમે વડનગર તાલુકાનાં સુંઢિયા અને છાબલીયા ગામોમાં બે વર્કશોપનું આયોજન કરેલ જેમાં કુલ ૩૭૨ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

## Celebration of Important Day/Week
## મહત્વના દિવસ / સપ્તાહની ઉજવણી



ICAR Foundation day
July 16, 2023
Participants : 186



World Environment day
June 5, 2023
Participants : 77



Parthenium Awareness week
16-22 August, 2023
Participants : 276



World Soil day
December 5, 2023
Participants : 25



Kisan Diwas
December 23, 2023
Participants : 41

## Front Line Demonstration
## પ્રથમ હરોળના નિદર્શનો

636 FLD conducted in various villages on different crops i.e Mustard, Cotton, Fennel, Wheat, Natural Farming, Fodder Sorghum, Black gram, Pearl millet, Watermelon, castor; livestock i.e. Chelated mineral mixture, Fenbendazole, Bypass protein, Probiotic and enterprises i.e. Dibbler (Cotton, Castor), Kitchen Garden, Aonla candy, Wheel hoe and Secutter. As a result of which there was a 9.61 to 25.81% increase production.



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી દ્વારા જુદા જુદા ગામોમાં વિવિધ પાકો જેવાકે ઘઉં, તરબૂચ, વરિયાળી, અડદ, કપાસ, દિવેલા, ઘાસચારા જુવાર, રાઈ; પશુપાલનમાં ફેનબેન્ડાઝોલ, ચિલેટેડ મિનરલ મિક્ષ્ચર, બાયપાસ પ્રોટીન, પ્રોબાયોટીક તેમજ એન્ટરપ્રાઇસમાં બીજ વાવણી યંત્ર (દિવેલા અને કપાસ), આમળા કેન્ડી, કિચન ગાર્ડન, હાથ કરબડી અને સિકેટરના ૬૩૬ પ્રથમ હરોળના નિદર્શનો ગોઠવવામાં આવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે ૯.૬૧ થી ૨૫.૮૧ ટકાનો ઉત્પાદનમાં વધારો આવ્યો હતો.

## Publication  Media Coverage - 24




## On Farm Trial
## સ્થળ પરના અખતરા

On Farm Trial were conducted by KVK on cumin, black gram, Wheat, External parasites, Bajara Biscuit and Lime Harvester in different villages. 60 farmers and farm women were participated.



કેવિકે, ગણપત યુનિવર્સિટી દ્વારા જીરું, અડદ, ઘઉં, બાહ્ય પરોપજીવી નાશક, બાજરા બિસ્કિટ અને લીંબુ વીણીની ભલામણો ચકાસવા માટેની વિવિધ તકનીકી ઉપર ૬૦ સ્થળ પરના અખતરા ગોઠવવામાં આવ્યા.

## Training Programmes
## તાલીમ કાર્યક્રમો

KVK, Ganpat University conducted total 88 training program i.e 44 On Campus and 44 Off Campus during 2023, in which 2777 farmers and farm women were participated.




કેવિકે, ગણપત યુનિવર્સિટી દ્વારા ૪૪ કેન્દ્રિય અને ૪૪ ક્ષેત્રિય એમ કુલ ૮૮ તાલીમ કાર્યક્રમો કર્યા. જેમાં ૨૭૭૭ ખેડૂતો અને ખેત મહિલાઓએ ભાગ લીધો.

### Retirement



**Mr. Ashwinbhai Patel**
Farm Manager
(Date : 31 May 2023)

### Appointment



**Mrs. Roshniben Barad**
SMS, Horticulture
(Date : 04 Oct. 2023)



**Mr. Hiteshbhai Patel**
Driver
(Date : 26 Dec. 2023)

**Published by :**
Dr. R. A. Patel, Senior Scientist & Head

Ganpat University | Krishi Vigyan Kendra
॥ विद्यया समाजोत्कर्षः ॥

Ganpat University, Mehsana-Gandhinagar Highway,
Ganpat Vidyanagar-384012 Ta. & Dist. Mehsana
Mo.+91 77780 33471

**Book-Post**

**To,**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .